આતંકવાદ અને સીમાપાર અપરાધ સામેના BIMSTEC સંયુક્ત કાર્યકારી જૂથ (JWG-CTTC) ની 11મી બેઠક

ભારત સરકાર દ્વારા આયોજિત આતંકવાદ અને સીમાપાર અપરાધ સામેના BIMSTEC સંયુક્ત કાર્યકારી જૂથ (JWG-CTTC) ની 11મી બેઠક 28-29 સપ્ટેમ્બર 2026 દરમિયાન નવી દિલ્હીમાં યોજાઇ હતી. તમામ BIMSTEC સભ્ય દેશો, એટલે કે બાંગ્લાદેશ, ભૂટાન, ભારત, મ્યાન્માર, નેપાળ, શ્રીલંકા અને થાઇલેન્ડના પ્રતિનિધિમંડળોએ બેઠકમાં હાજરી આપી હતી.

2. ભારતના વિદેશ મંત્રાલયના અધિક સચિવ (આતંકવાદ વિરોધી) ડૉ. સુહેલ અઝાઝ ખાને બેઠકની અધ્યક્ષતા કરી હતી.

3. બેઠકમાં BIMSTEC ક્ષેત્રમાં પરંપરાગત તેમજ ઉભરતા બિનપરંપરાગત સુરક્ષા જોખમો અંગે ચર્ચા કરવામાં આવી હતી. સહભાગીઓએ પ્રદેશમાં આતંકવાદ અને સીમાપાર અપરાધોનો સામનો કરવા માટે સહકાર અને સંકલન વધારવાના હેતુથી વિવિધ મુદ્દાઓ પર પણ વિચારવિમર્શ કર્યો અને ભલામણો રજૂ કરી. બેઠકમાં BIMSTEC JWG-CTTC હેઠળના વિવિધ પેટા-જૂથોની બેઠકોના અહેવાલો અંગે પણ ચર્ચા કરવામાં આવી હતી, જેમાં i) માનવ તસ્કરી અંગેનું પેટા-જૂથ; ii) માદક દ્રવ્યો, મન:પ્રભાવક પદાર્થો અને પૂર્વગામી રસાયણોની ગેરકાયદેસર હેરફેરની રોકથામ અંગેનું પેટા-જૂથ; iii) મની લોન્ડરિંગ નિવારણ અને આતંકવાદને મળતું ભંડોળ અટકાવવાના પગલાં અંગેનું પેટા-જૂથ; iv) કાનૂની અને કાયદા અમલીકરણ સંબંધિત મુદ્દાઓ અંગેનું પેટા-જૂથ; અને v) કટ્ટરપંથીકરણ અને આતંકવાદનો સામનો કરવા માટેના સહકાર અંગેનું પેટા-જૂથ સામેલ છે.

નવી દિલ્હી

29 સપ્ટેમ્બર, 2026